અપીલ અરજી નં.૩૬૮ તા.૪–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)મુંબઈ માર્કેટની પાસે આવેલ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું જે ડિમોલેશન આપની ઝોન ધ્વારા કઈ તારીખે કરવામાં આવેલ તે તારીખનો ઉલ્લેખ સ્પષ્ટ કરવા બાબત વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૮/૨૦૧૧–૧૨

શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)મુંબઈ માર્કેટની પાસે આવેલ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું જે ડિમોલેશન આપની ઝોન ધ્વારા કઈ તારીખે કરવામાં આવેલ તે તારીખનો ઉલ્લેખ સ્પષ્ટ કરવા બાબત વિ. મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિષય–વસ્તુની માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૦ તા.૧૨–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૧૪ તા.૩૦–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદાની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૧૪ તા.૨૧–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૩૦–૯–૧૧ ની અરજીથી વરાછાઝોન વિસ્તારમાં ડીમોલીશન દરમ્યાન ઝુંપડાવાસી ઓને આપવામાં આવેલ એચ.આઈ. નંબર આવાસ મેળવનાર લાભાર્થીઓના બ્લોક નંબર વિગેરેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં માહિતી નહીં મળતા નારાજ થઈ તા.૪–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૧૪ તા.૨૧–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧)મુંબઈ માર્કેટની પાસે આવેલ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું જે ડિમોલેશન આપની ઝોન ધ્વારા કઈ તારીખે કરવામાં આવેલ તે તારીખનો ઉલ્લેખ સ્પષ્ટ કરવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મહારાણાપ્રતાપનગર ઝુંપડપટ્ટીના લાભાર્થી ઈસમો ધ્વારા સ્વૈચ્છિક સ્થળાંતર કરવામાં આવતા આ ઝુંપડપટ્ટીના ખાલી થયેલ ઝુપંડા તા.૧–૬–૧૦ ના રોજ દુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) વરાછા ઈસ્ટઝોન તરફથી જે મહારાણા પ્રતાપનગરનું ઝુંપડપટ્ટીનું આપના સ્ટાફ કર્મચારી તરફથી જે સર્વે કરવામાં આવેલ તે દરમ્યાન કેટલા ઝુંપડાને સર્વે કરીને તેમને એચ.આઈ. નંબર પાડવામાં આવેલા તેવા તમામની સંખ્યામાં માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદર ઝુંપડપટ્ટીના ૧૮૯ ઝુપંડાઓને એચ.આઈ. નંબર આપવામાં આવેલ હોવાનું જણાય છે. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૩) વરાછા ઈસ્ટઝોન તરફથી જે મહારાણા પ્રતાપ નગર ઝુંપડપટ્ટીમાં આપના જે સ્ટાફ કર્મચારી તરફથી સર્વે કરીને જે દરેક ઝુંપડાવાસીઓના પાડલા એચ.આઈ. નંબર દરેકના નામો સહિત તમામની નામાવલી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ માહિતી વિસ્તૃત પ્રમાણમાં હોવાથી આપ ચાલુ ઓફિસ સમય દરમ્યાન વરાછાઝોનની કચેરીએ દફતરી ચકાસણી કરી શકો છો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) વરાછા ઈસ્ટઝોન મહારાણા પ્રતાપ નગર ઝુંપડપટ્ટીનું જે ડીમોલીશન થયેલા ઝુંપડાવાસીઓને જે આપના તરફથી આ લાભાર્થીને આવાસ મેળવવા માટે કઈ તારીખે ડ્રો કરવામાં આવેલા અને જે આવાસ મેળવનાર લાભાર્થીની આવાસ મેળવવા માટેની તેની કુલ સંખ્યાની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ઝુંપડપટ્ટીના અસરગ્રસ્ત ઈસમોને આવાસ ફાળવણી માટેના ડ્રો તા.૮–૬–૧૦ તા.૨૭–૫–૧૦

તા.૨૯–૫–૧૦ તા.૨૧–૮–૧૦ ના રોજ કરવામાં આવેલ તથા આ ઝુંપડપટ્ટીના કુલ ૨૧૪ લાભાર્થી ઈસમોને વૈકલ્પિક આવાસની ફાળવણી કરવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં જણાય છે. તેવું જણાવેલ છે. મદ્દા નં.(૫) વરાછા ઈસ્ટઝોન તરફથી જે આવાસ ફાળવણીમાં જે લાભાર્થીઓના જે તેમને મળેલા આવાસનું દરેક વ્યકિતઓ સહિત એચ.આઈ. નંબર અને તમામના નામોની વિગતવાર માહિતી પૂરી પાડવા બાબત. મુદ્દા નં.(૬) વરાછા ઈસ્ટઝોન ધ્વારા જે મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીના જે આવાસ મેળવનાર લાભાર્થીના ફાળવેલા આવાસનું બ્લોક નંબર તથા રૂમ નંબર તમામના નામાવલી લીસ્ટ તૈયાર કરીને આપવા બાબત. મુદ્દા નં.(૭) વરાછા ઈસ્ટઝોન તરફથી મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું જે આપના તરફથી જે લાભાર્થીઓને આવાસ ફાળવણી કરવામાં આવી છે તે અંગે જે તેમના તમામ લાભાર્થીને આવાસ ફાળવણી અગાઉ જે તેમના આવાસ મેળવવા માટે જે અરજી ફોર્મ આપવામાં આવે છે તેવા દરેક આવાસ મેળવનાર લાભાર્થીના જે અરજી ફોર્મ સાથે કયા નામો પર આવાસ મેળવેલા છે અને તેમને કયા પુરાવા અરજી ફોર્મ સાથે સામેલ કરવામાં આવેલ છે. આ તમામ માહિતીનું લીસ્ટ લેખિતમાં તૈયાર કરીને આપવા મે. કરશોજી. તેવા પ્રશ્ન નં.૫,૬ તથા ૭ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતી વિસ્તૃત પ્રમાણમાં હોવાથી આપ ચાલુ ઓફિસ સમય દરમ્યાન વરાછાઝોન કચેરીએ દફતરી ચકાસણી કરી શકો છો. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. (૧)થી (૭)ની માહિતી આપવામાં આવેલ છે જે પૈકી મુદ્દા નં.૩,૫,૬ અને ૭ની દફતરી ચકાસણી કરી મેળવવા જણાવેલ છે પરંતુ તે અંગે અરજદારે દફતરી તપાસણી કરેલ છે કે કેમ ? તે બાબતે બંને પક્ષકારો તરફથી કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી. અરજદારની અપીલ અરજી માહિતી નહી મળ્યા બાબતે હોઈ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતીની વિગતો તપાસણીના પ્રસ્તાવ સહિત નિયત સમય અવધિમાં પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર મુદ્દા નં.૩,૫,૬ અને ૭ અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર આરટીઆઈ કાયદાની કલમ ૭(૩) અને નિયમ–૫ અંગે લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી તપાસણી કરવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી